# સપ્ટેમ્બર કમ અગેઈન ઈન ગુજરાત પોલીટીકલ

(પ્રકાશ જહા) ગાંધીનગર, તા. ૧૮

આમ તો ઓગષ્ટ મહિનો એટલે ક્રાંતિનો મહિનો ગણવામાં આવે છે પરંતુ ગુજરાતના રાજકારણને જ્યાં સુધી લેવાદેવા છે ત્યારે સપ્ટેમ્બર માસ મહત્વનો પુરવાર થયો છે. સપ્ટેમ્બર માસમાં જ ગુજરાતના રાજકારણમાં ભારે ગડમથલો થઈ છે.

આજે ગાંધીનગરમાં બનેલા રાજકીય ઘટનાક્રમ અને સપ્ટેમ્બર માસના પરિપ્રેક્ષમાં જોઈએ તો તે ઘણુ બધી રીતે સૂચક પૂરવાર થાય એમ છે કે ગુજરાતના રાજકીય સમીકરણો ખરેખર વધુ એક વખત પલ્ટાશે કે શું ? જો કે કાળના ગર્ભમાં શું છે તો કોઈને પણ ખબર નથી.

**વિધાનસભામાં પ્રથમ અવિશ્વાસ પ્રસ્તાવની ચર્ચા ત્રણ દિવસ ચાલી હતી : છેલ્લે અવિશ્વાસ પ્રસ્તાવની ચર્ચા ૩ ઓક્ટો-૨૦૦૦ના રોજ થઈ હતી : અવિશ્વાસનો પહેલો પ્રસ્તાવ બ્રહ્મકુમાર ભટ્ટ અને પ્રતાપ શાહે મોંઘવારીના મુદ્દે રજુ કર્યો હતો પરંતુ સમર્થન માટે જરૂરી સંખ્યાના અભાવે ચર્ચા ના થઈ; ઓગષ્ટમાં ભાઈલાલ પટેલે રજુ કર્યો અને ૯ થી ૧૧ સપ્ટેમ્બર ૧૯૬૩ એમ ત્રણ દિવસ ચર્ચા ચાલી હતી : વિધાનસભા સચિવાલયને ૧૧૯ પ્રસ્તાવો અગાઉ મળ્યા હતા પરંતુ માત્ર ૧૪ પ્રસ્તાવો પર જ ચર્ચા થઈ છે : સૌથી વધુ પ્રસ્તાવો ત્રીજી વિધાનસભામાં ૭૮ વખત મળ્યા હતા**

આજે વિધાનસભા ગૃહમાં સઘન પરામર્શને અંતે સરકાર સામે અવિશ્વાસના પ્રસ્તાવને વિધાનસભાના કામકાજની યાદીમાં સમાવવામાં આવ્યો. આ પછી શંકરસિંહ વાઘેલાએ ભાજપ સામે મોરચો માંડવાની ઘોષણા કરી.

ગાંધીનગરમાં ખેડૂતો દ્વારા આક્રોશ રેલી જ નહિ પણ સચિવાલયના દરવાજા સાંજ સુધી બંધ રખાયા... આખો દિવસ પોલીસ સતત દોડતી રહી... વિગેરે વિગેરે બાબતોનો સમાવેશ થાય છે.

વિધાનસભાના ચોમાસુ સત્રનો આજે બુધવાર એ અંતિમ દિવસ છે. આજે વિધાનસભાની બે બેઠકો મળવાની છે. વિધાનસભાની બીજી બેઠકમાં સરકાર સામે અવિશ્વાસનો પ્રસ્તાવ આવશે. જો કે આ પ્રસ્તાવ એ આમ તો માત્ર ઔપચારિકતા જ બની રહેવાનો છે કારણ કે વિધાનસભાના નિયમોના નિયમ ૧૦૬(૪) અન્વયે સત્રનો સમય પહોંચતો નહિ હોવાથી ચર્ચામાં આવશે નહિ. માત્ર વિધાનસભામાં મંજૂરી આપવામાં આવશે.

હવે સપ્ટેમ્બર મહિનો આ બાબતે સૂચવે છે કે ગુજરાતના રાજકારણમાં સપ્ટેમ્બરનું શું મહત્વ છે ? ગુજરાત વિધાનસભામાં અવિશ્વાસ પ્રસ્તાવને સંબંધ છે ત્યાં સુધી અત્યાર સુધીમાં ૧૧૯ પ્રસ્તાવની દરખાસ્તો મળી છે જેમાંથી ૬૫ દરખાસ્તો જ વિધાનસભા સચિવાલયને દાખલ કરવા પાત્ર જણાઈ હતી. વિધાનસભામાં અવિશ્વાસની દરખાસ્તો પર ૧૪ વખત જ ચર્ચાઓ થઈ છે. ૫૪ દરખાસ્તો નામંજૂર થઈ છે.

વિધાનસભાની તવારીખીમાં જોઈએ તો છેલ્લા ૧૮ વર્ષમાં આ પાંચમી વખત અવિશ્વાસનો પ્રસ્તાવ લાવવામાં આવ્યો છે. છેલ્લા ૧૮ વર્ષથી ભાજપનું શાસન ગુજરાતમાં છે. જો કે અવિશ્વાસના પ્રસ્તાવની છેલ્લી ચર્ચા ૩-૧૦-૨૦૦૦ના રોજ વિધાનસભા ગૃહમાં થઈ હતી.

તત્કાલીન વિપક્ષના નેતા સ્વ. અમરસિંહ ચૌધરીએ અવિશ્વાસનો પ્રસ્તાવ રજુ કર્યો હતો અને સવારે મંજૂરી મળ્યા બાદ બપોરના સમયે તત્કાલીન મુખ્યમંત્રી કેશુભાઈ પટેલે તેની ચર્ચા આપી હતી. પ્રસ્તાવનો અસ્વીકાર થયો હતો પરંતુ આ પછી કેશુભાઈ પટેલ લાંબા સમય સુધી સત્તા પર ટક્યા ન હતા.

ભાજપમાં બળવો પણ સપ્ટેમ્બર માસમાં જ થયો હતો. ગુજરાતના રાજકારણને લેવા દેવા છે ત્યારે ગુજરાતમાં સરકારોએ વિશ્વાસ મત પણ સપ્ટેમ્બરમાં જ રજુ કરી અને પસાર થયા બાદ સત્તામાં તત્કાલીન સ્થિરતાઓ હાંસલ કરી હતી.

વિધાનસભા ગૃહમાં અવિશ્વાસની દરખાસ્તો સૌથી વધુ ત્રીજી વિધાનસભા વખતે સરકારો સામે રજુ થઈ હતી. જેની સંખ્યા ૭૮ છે. આ પૈકી ૩૦ દરખાસ્તો દાખલ કરાઈ હતી અને તે પૈકી માત્ર ૪ વખત તેના પર ચર્ચા થઈ હતી.

અવિશ્વાસના પ્રસ્તાવ પરની પહેલી ચર્ચા તવારીખીમાં જોઈએ તો સૌથી પહેલાં બીજી વિધાનસભામાં બ્રહ્મકુમાર ભટ્ટ અને પ્રતાપ શાહે રજુ કરી હતી પરંતુ દરખાસ્તના સમર્થનમાં પૂરતી સંખ્યા ન થતાં તે ચર્ચામાં જ આવી શકી ન હતી.

બ્રહ્મકુમાર ભટ્ટ અને પ્રતાપભાઈ શાહે મોંઘવારીના મુદ્દે સરકારને ઘેરવા આ અવિશ્વાસનો પ્રસ્તાવ રજુ કર્યો હતો. જો કે પછી ઓગષ્ટ-૬૩માં અર્થાત ૨૭-૮-૬૩ના રોજ તત્કાલીન મુખ્યમંત્રી સ્વ. જીવરાજ મહેતા સામે ભાઈલાલભાઈ પટેલે અવિશ્વાસનો પ્રસ્તાવ રજુ કર્યો હતો અને ૯, ૧૦, ૧૧ સપ્ટેમ્બરના રોજ એમ ત્રણ દિવસ સુધી તેના પર ચર્ચા ચાલી હતી પરંતુ મતદાનને અંતે અવિશ્વાસનો પ્રસ્તાવ ૧૦૧ વિરૂદ્ધ ૩૨ મતે ફગાવી દેવાયો હતો.

● અનુસંધાન પાન-૭ પર

# શહેરમાં કોંગ્રેસની ખેડૂત આક્રોશ રેલી

## પથ્થરમારો કરાતાં પોલીસને બળપ્રયોગ કરવો પડયો : અમિત ચાવડા, રાજીવ સાતવ સહિતના ઘણા નેતા તેમજ કાર્યકરોની અટકાયત બાદ મુક્તિ : વિધાનસભાનો ઘેરાવ



અમદાવાદ,તા. ૧૮ ગુજરાત વિધાનસભાના ચોમાસુ સત્રના પ્રથમ દિવસે સરકારને ઘેરવા માટે કોંગ્રેસે આજે ખેડૂત આક્રોશ રેલીનું આયોજન કર્યું હતું. આ ગાળા દરમિયાન કોંગ્રેસના મોટી સંખ્યામાં કાર્યકરોએ વિધાનસભા તરફ કૂચ કરી હતી. આ ગાળા દરમિયાન સ્થિતિ તંગ બની ગઈ હતી. કોંગ્રેસના કાર્યકરો અને ધારાસભ્યોની ટિંગાટોળી કરીને પોલીસે અટકાયત પણ કરી હતી. પથ્થરમારો પણ થયો હતો જેમાં એક પોલીસ કર્મીને ઈજા થઈ

● અનુસંધાન પાન-૭ પર

# ભાદરવો તપ્યો : ગરમીનો પારો ૩૬ ડિગ્રી

## અંગ દઝાડતી ગરમીથી જનજીવન પ્રભાવિત : ગરમીનો પારો ઉંચકાતા મહત્તમ અને લઘુત્તમ તાપમાનમાં પણ ૧૧ ડિગ્રીનો તફાવત : દિવસે આકરી ગરમીની સાથે વહેલી સવારે અને મોડીરાત્રે ગુલાબી ઠંડક

ગાંધીનગર તા ૧૮ શહેરમાં મૌસમનો મિજાજ બદલાયો છે. નબળા ચોમાસાના અંતે ભાદરવો ભરપુર વરસશે તેવી આશ વચ્ચે આકાશમાંથી વરસાદી વાદળો દુર હટી ગયા છે. દિવસે અંગ દઝાડતા તાપ વચ્ચે નગરજનો આકરી ગરમી અનુભવી રહ્યા છે. ગરમીનો પારો પણ ૩૬ ડી ગ્રી સુધી પહોંચી ગયો છે. ગઈકાલની સાપેક્ષમાં મહત્તમ તાપમાન એક ડી ગ્રી વધતા આજે દિવસ દરમિયાન શહેરીજનોએ આકરી ગરમી અનુભવી હતી.

આકાશમાંથી વરસાદી વાદળો દુર હટતા આજે નગરજનોએ આકરી ગરમી અનુભવી હતી. વરસાદી દિવસોમાં આકાશ વાદળોથી ઘેરાયેલુ રહ્યુ હતુ. પરંતુ મેઘરાજા મનમુકીને વરસ્યા ન હતા. જેના લીધે નગરજનોની વરસાદની આશ પર જ પાણી ફરી વળ્યુ હતુ. વરસાદ છેલ્લા ઘણાં સમયથી અદ્રશ્ય છે. જયારે અત્યાર સુધી આકાશમાં ઘેરાવો નાંખતા વરસાદી વાદળો પણ શ્રાવણના સરવરિયાના અંતે ગુમ થઈ ગયા છે. જયારે ભાદરવાની શરૂઆતના અંતે

● અનુસંધાન પાન-૭ પર

# જિલ્લા પંચાયતના સભ્યપદેથી રાજીબેન રાઠોડે રાજીનામુ ધરી દીધું

## જિલ્લા પંચાયતના સદસ્યના રાજીનામાને પગલે રાજકીય સન્નાટો કોંગ્રેસની છાવણીમાં : કોંગ્રેસે ડેમેજ કંટ્રોલની કામગીરી હાથ ધરી

ગાંધીનગર, તા.૧૮ ગાંધીનગર જિલ્લા પંચાયતના સભ્યપદેથી આજે શ્રીમતી રાજીબેન બળદેવજીભાઈ રાઠોડે રાજીનામુ ધરી દેતાં જિલ્લામાં રાજકીય સન્નાટો છવાઈ જવા પામ્યો છે.

રાજીબેન રાઠોડે તેમના રાજીનામાનો પત્ર જિલ્લા પ્રમુખ અને જિલ્લા વિકાસ અધિકારીશ્રીને સુપ્રત કરી દીધો છે. રાજીનામા તેમના પત્રમાં સભ્ય તરીકે તેઓ સમય ફાળવી શકે તેમ ન હોવાથી રાજીનામુ આપી રહ્યાનું જણાવ્યું છે.

મળતી વિગતો પ્રમાણે શ્રીમતી રાજીબેન રાઠોડ અગાઉ ઉત્પાદન-સહકાર સમિતિના ચેરમેન તરીકે સેવાઓ આપી ચુકયા છે. પંચાયતમાં સમિતિઓની રચના પહેલાં 'નો રીપીટ' થિયરીનો અમલ થશે તેવી નેતાગારીની ખામી પછી પણ જે રીતે રિપીટ થિયરી અપનાવી છે તેને લઈ તેમણે રાજીનામુ ધરી દીધું હોવાનું જાણવા મળેલ છે.

ચિલોડા (ન) બેઠક પરથી વિજેતા બનેલા રાજીબેન રાઠોડના રાજીનામા અંગેની આગળની કાર્યવાહી હવે જિલ્લા વિકાસ અધિકારી દ્વારા ટુંકમાં કરવામાં આવશે. જેમાં તેમના સહિની ખરાઈ કરી અને કોઈના દબાણ હેઠળ રાજીનામુ આપ્યું નથીને તેની ચકાસણી કરવામાં આવશે.

રાજકીય વર્તુળોમાં એવી ચર્ચા ચાલી છે કે રાજીબેનના પરીવારના વડીલો અને જિલ્લા સમિતિના વડીલો વચ્ચે આજે તીખી નોંકઝોંક પણ સમિતિઓની રચનામાં 'રિપીટ' થિયરી અપનાવવામાં આવી તેને લઈ થઈ હતી. ગાંધીનગર જિલ્લા પંચાયતના ૩૦ સભ્યો છે જેમાં ૨૪ કોંગ્રેસના અને ૬ સભ્યો ભાજપના છે.જિલ્લા પંચાયતમાં સમિતિઓની રચનાને લઈ કોંગ્રેસમાં અસંતોષની વાત પ્રથમથી જ બહાર આવી હતી અને

● અનુસંધાન પાન-૭ પર

# સે-૨૦માં પણ દુકાનો બંધ કરી દેવા તંત્રની સુચના

## વેપારીઓ સામાન ખાલી કરવા લાગ્યા



ગાંધીનગર તા ૧૮

શહેરમાં દબાણ હટાવ ઝુંબેશથી નગરનુ જનજીવન પ્રભાવિત છે. સેકટરોમાં પાકા દબાણો પર બુલડોઝર ફેરવી દેવાની સાથે તંત્ર દ્વારા હેતુફેરના કિસ્સામાં પણ દુકાનો સીલ કરવા સુધીના આકરા પગલા લેવામાં આવી રહ્યા છે. ગઈકાલે તંત્ર દ્વારા સે-૧ માં ૧૫ જેટલી દુકાનો સીલ કરી દીધા બાદ આજે સીલ કરવાની કાર્યવાહી હાથ ધરવામાં આવી ન હતી. જો કે સે-૨૦ માં સ્થિત રહેણાંક વિસ્તારમાં હેતુફેરના કિસ્સામાં દુકાનદારોને નોટીસ આપવામાં આવી હતી.

શહેરમાં દબાણ હટાવ ઝુંબેશ હાલ ટોક ઓફ ધ ટાઉન છે. સેકટરોમાં શોપિંગ સેન્ટરોથી માંડીને રહેણાંક વિસ્તારમાં નાનો મોટો ધંધો કરતા વેપારીઓ આ મદ્દે ચિંતિત અને વ્યથિત છે. તંત્રએ હેતુફેરના કિસ્સામાં અચાનક જ આકરા પગલા લેવાનુ શરૂ કર્યુ છે. વેપારીઓમાં પણ ફફડાટ છે. તંત્ર દ્વારા દુકાનો સીલ કરવાનુ શરૂ કરવામાં આવતા વેપારીઓમાં આક્રોશ પ્રવર્તયો છે. સેકટરોમાં દાયકાઓથી વેપાર ધંધો કરતા વેપારીઓની દુકાનો સીલ કરવાની ઝુંબેશ શરૂ કરતા નાના વેપારીઓ હવે શુ કરવુ તે મોટો પ્રશ્ન સર્જાયો હોવાનો સુર પણ ઉઠવા પામ્યો છે. જો કે તંત્રની આ ઝુંબેશના લીધે નોટીસના અંતે વેપારીઓએ દુકાનો ખાલી કરવા સહીત શટર કઢાવાનુ ચાલુ કરી દીધુ છે. બીજીતરફ તંત્ર દ્વારા સેકટરોના રહેણાંક વિસ્તારમાં હજુ પણ હેતુફેરના કિસ્સામાં નોટીસ આપવામાં આવી રહી છે. આજે તંત્ર દ્વારા દુકાનો સીલ કરવામાં આવી ન હતી. પરંતુ સે -૨૦ માં રહેણાંક વિસ્તારમાં ચાલતી દુકાનોને હેતુફેરના કિસ્સામાં નોટીસ આપી હતી. જયારે હજુ પણ સેકટરોમાં રહેણાંકમાં ધમધમતી દુકાનોને નોટીસ આપી કોર્મશિયલ ગિતિવિધિઓ બંધ કરાવાશે. આગામી દિવસોમાં તંત્ર દ્વારા કોર્મશિયલ પ્રવૃતિ બંધ ન થઈ હોય તેવા કિસ્સામાં દુકાનો સીલ કરવામાં આવશે.

# તૃતિય વાર્ષિક શ્રદ્ધાંજલિ



રડી પડે છે આંખ અમારી જોઈ તસવીર તમારી,
દરેક પ્રસંગે ખટકશે અમને ખોટ તમારી.
જીવન એવું જીવી ગયા કે મૃત્યુ શરમાઈ ગયું,
સુખને છલકાવ્યું નહિ, દુઃખને દેખાડ્યુ નગિ.
હસતો ચહેરો રાખી ઓચિંતી વિદાય લીધી.
સૌના હૃદયના સંભારણા દિલમાં રાખી ગયા.

આંખો હજી નિહાળે છે તમને,
અંતર હજી પોકારે છે તમને.
સ્મરણ થાય છે ત્યારે
મન મૂકીને રડાવે છે અમને

મર્હુમ અહેમદખાન નુરમહંમદખાન નાગોરી
રિટાયર્ડ એડીશનલ કલેક્ટર, ગુજરાત રાજ્ય.
સ્વર્ગવાસ તા. ૧૯/૯/૨૦૧૫

અલ્લાહ આપને જન્નત અતા
ફરમાવે તેવી પ્રાર્થના અમારી

મો. ૯૮૨૮૫ ૯૫૮૨૨, ૯૮૨૫૦ ૫૭૬૯૦
સમસ્ત નાગોરી પરિવાર


વેચવાના છે

● 2BHK ફ્લેટ, બ્લ્યુબેલ-વાવોલ,
● ૧૯ વીઘા ખેતીની જમીન રોડ ઉપર બોર સાથે, ગાબટ, તા. બાયડ
● ૨ વીઘા ફાર્મ લાયક જમીન, રાંધેજા રૂપાલ રોડ
● મોકાની જમીન, સોનીપુર રૂપાલ રોડ

સંપર્ક
૯૮૨૪૪ ૦૯૩૨૭
૯૮૨૪૦ ૮૧૧૬૧

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...

SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
Kisan
ashirvad
BENELAVE
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan

જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬

શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
એપોલો/સીએટ કંપનીના અધિકૃત વિક્રેતા
BRIDGESTONE CEAT
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, મો. : ૮૧૪૧૦ ૧૨૩૫૪, ૮૧૪૦૪ ૬૦૭૬૭

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

બાળકોને પ્રોત્સાહિત કરીએ...
તમારી આસપાસની દરેક જગ્યાને ગ્રીન મીત્રો (પ્લાન્ટ્સ)થી સજાવીને શુદ્ધ હવા, આંખને ઠંડક, મનમાં પોઝીટીવીટી અને સ્ટ્રેસ વગરનું નેચરલ વાતાવરણ ઉભુ કરીએ...
દરેક શુભપ્રસંગે મીની પ્લાન્ટ ગીફ્ટ આપીએ...
Lush PLANTS
પ્લોટ નં. ૧૨૪૨/૧, સેક્ટર-૭/ડી, ગાંધીનગર. મો. 98248 33440
Email : bindidave75@gmail.com
બોનસાઈ, મીનીએચર ગાર્ડન (ટ્રે ગાર્ડન), ડેકોરેટીવ પ્લાન્ટ્સ, સીરામીક પોટ, ડેકોરેટીવ સ્ટોન, ખાતર અને દવા. બાલ્કની, કોર્ટીયાર્ડ અને લેન્ડસ્કેપીંગ માટે સંપર્ક કરો.


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com